# શહેરમાં શ્રાવણના સરવરિયાથી ભીંજારાનો માહોલ

**આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા રહે છે પરંતુ વરસતા નથી : આજે પણ બપોર બાદ ઝરમિરયો વરસાદ : નગરજનો ઉકળાટથી બેચેન**

ગાંધીનગર તા ૬

શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદી વાતાવરણ વચ્ચે મેઘરાજા હાથતાળી આપી જાય છે. ગઈકાલે સાંજે વાવાઝોડા સાથે વરસાદે હળવુ ઝાપટુ વરસાવ્યુ હતુ વરસાદી વાયરા વચ્ચે શહેરમાં વરસાદી સમસ્યાઓ ઉભરી રહી છે. પરંતુ વરસાદ મન મુકીને વરસતો નથી. આજે પણ સવારથી .ત્યારે મેઘરાજા પણ મનમુકીને વરસતા નથી જેના લીધે જનજીવન ગરમીથી બેચેન છે. ત્યારે અષાઢ મહીનામાં મેઘરાજા વિશેષ વરસ્યા ન હતા. અષાઢી વાદળો વરસાવાનુ ચુકી ગયેલા મેઘરાજા શ્રાવણમાં પણ સરવરિયા વરસાવી રહ્યા છે. આજે પણ સવારથી જ વાદળિયા વાતવરણ વચ્ચે વરસાદી માહોલ જામ્યો હતો .જયારે બપોર બાદ



વાદળિયા વાતવરણ વચ્ચે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા બપોર બાદ શ્રાવણના સરવરિયા વરસાવી મેઘરાજા ફરી એકવાર હાથતાળી આપી ગયા હતા.

શહેરમાં છેલ્લા બે દિવસથી મેઘરાજા હાથતાળી આપી વિદાય લઈ લે છે. નગરજનો રોજ વરસાદની આશ સાથે નભ તરફ નજર માંડે છે પરંતુ શહેરીજનોની આશ ઠગારી નિવડે છે. ગઈકાલે પણ સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. સુસવાટા મારતા ઠંડા પવનની સાથે વરસાદ શરૂ થયો હતો પરંતુ વાવાઝોડની સાથે વરસાદ માત્ર ઝાપટુ વરસાવી વિખેરાઈ જતા ધોધમાર વરસાદ વરસ્યા વિના જ વાદળો પણ અદ્રશ્ય થઈ ગયા હતા. શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે એક બાજુ ઉકળાટનુ પ્રમાણ યથાવત છે ધીમો ધીમો રીમઝીમ વરસાદ વરસ્યો હતો. સેકટરોમાં શ્રાવણના સરવરિયાના લીધે ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો જયારે વરસાદી વાતાવરણ વચ્ચે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ વધી છે સેકટરોમાં ઠેર ઠેર કાદવ કિચ્ચડ વચ્ચે પાણીના ખાબોચિયા મચ્છર ઉત્તાપત્તિ સ્થાનો બની રહ્યા છે. આવા સંજોગોમાં મચ્છરોને ડામવા માટે જરૂરી દવા છંટકાવની કામગીરી હાથ ધરવા પણ રહીશોએ માંગણી કરી છે. મચ્છરો સાથે માખી અને જીવાતનો વધતો ઉપદ્રવ ડામવા માટે પણ સફાઈ સહીત દવા છંટકાવની કામગીરી થાય તેવી માંગ ઉઠવા પામી છે. આકાશમાં રોજબરોજ વરસાદી વાતાવરણ નિખરે છે પરંતુ વરસાદ મન મુકીને વરસતો નથી આકરા બફારા વચ્ચે મેઘરાજા ધમાકેદાર વરસે તેવી સૌ કોઈને આશ છે.

## શાસનની પાંચમી વર્ષગાંઠે વિજયભાઈ રૂપાણીને અભિનંદન અને શુભેચ્છાઓ...

ગાંધીનગર, તા.૬

રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આજે શાસનના ચાર વર્ષ પૂરા કરી પાંચમા વર્ષમાં પ્રવેશે છે ત્યારે એમને અભિનંદન અને નવા પડકારોને પોંખવા શુભેચ્છાઓ.



શાસનના ૧૪૬૦ દિવસમાં ૧૫૦૦થી વધુ જનહિતના નિર્ણયો કરીને જનમાનસમાં સાલસ વ્યક્તિત્વની છાપ ઉભી કરી છે. કોવિડ-૧૯ દરમિયાન એએમના સર્વેમાં પણ ૮૦ ટકાથી વધુ નાગરિકોએ તેમને સફળ મુખ્યમંત્રી તરીકે ગણાવ્યા છે. નાનામાં નાની ઘટનામાં ઉંડો રસ લઈ તેના કાયમી ઉકેલની દિશામાં વિચારવાની એમની નિષ્ઠા પ્રસંશનીય રહી છે. કોરોના વાયરસની વચ્ચે પણ છેલ્લા ચાર મહિનાથી નિયમિત તેમના નેતૃત્વમાં કોર સમિતિએ રોજેરોજ બેઠકો કરી સ્થિતિની સમીક્ષા કરી છે.

આ ઉપરાંત સુરત, વડોદરા, રાજકોટ અને અમદાવાદ જેવા હોટસ્પોટ વિસ્તારોમાં જાતે સૌ અધિકારીઓને લઈને જે તે સ્થળે માર્ગદર્શન આપી હુકમો કર્યા. આ ઉપરાંત સૌને સાંભળવાની અને તેમના સકારાત્મક પ્રતિભાવ આપવાની ભૂમિકાને સૌ કોઈ આવકારે છે.

આવનારા કસોટીના દિવસોમાં પણ આટલી જ સ્થિરતા અને સંવેદનશીલતાથી સૌનો સાથ - સૌનો વિકાસ સૂત્રને ચરિતાર્થ કરવા શુભકામનાઓ.



રાજયના ૭૪ આઈપીએસ અને એસપીએસ અધિકારીઓની બદલી અને બઢતીના હુકમો થયા હતા. જેમાં ગાંધીનગર રેન્જ આઈજી તરીકે અભય ચુડાસમાને મુકવામાં આવ્યા છે. ત્યારે રેન્જમાં રહેલા મયંકસિંહ ચાવડાની અમદાવાદના જેસીપી ટ્રાફિક ખાતે બદલી થઈ છે. જેને અનુલક્ષી ગુરુવારે ગાંધીનગર રેન્જ ઓફિસ ખાતે પોલીસ અધિકારી-કર્મચારીઓએ મયંકસિંહ ચાવડાને ભાવભરી વિદાય આપી હતી. જેમાં અધિકારીને જીપ્સીમાં બેસાડીને જવાનોએ વરસતા વરસાદમાં દોરડાથી ગાડી ખેંચી હતી.

# ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૫ કેસ

**કુડાસણ-ભાઈજીપુરામાંથી પાંચ કેસ, વાવોલમાંથી બે કેસ મળ્યા : ગાંધીનગર તાલુકામાં ૧૨, કલોલમાં એક અને માણસામાં બે કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૫ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં જે ઝડપથી કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્ર પણ સ્તબ્ધ છે.

ગાંધીનગર શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારો જે વિકાસ પામી રહ્યા છે તેમાંથી કેસોની સંખ્યા જે સામે આવે છે તે પણ ચિંતાજનક છે. ગુણવત્તાસભર અને સઘનીકરણ સેવાઓની વાતોની પોકળતા છતી થઈ રહી છે. સર્વેલન્સની અસરકારકતા પણ ઓછી પૂરવાર થતી હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યું છે.

આજે નોંધાયેલા કેસોમાં ૧૨ કેસ ગાંધીનગર તાલુકાના છે જ્યારે કલોલમાંથી એક અને માણસામાંથી બે કેસ સામે આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કુડાસણ અને તેના પરા વિસ્તાર ભાઈજીપુરામાં થઈ આજે એક જ દિવસમાં પાંચ કેસ મળી આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. વાવોલમાંથી બે કેસ તેમજ વાસણા હડમતિયા રાંધેજા, પેથાપુર, ઉનાવા અને સરગાસણમાંથી કેસો મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે વાવોલમાંથી એક ૭ વર્ષના કિશોરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે આ ઉપરાંત એક ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

વાસણા હડમતિયા ગામેથી પણ ૫૪ વર્ષીય પુરુષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંધેજા જે હવે હોટસ્પોટ બની ચુકેલ છે ત્યાંથી આજે એક ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કુડાસણ અને તેના પરા વિસ્તાર તરીકે ઓળખાતા ભાઈજીપુરામાં થઈ આજે પાંચ કેસ કોરોનાના પોઝીટીવ મળી આવતાં સમગ્ર ગામમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે. જે પાંચ કેસ સામે આવ્યા છે તેમાં બે મહિલા અને બે વૃદ્ધનો સમાવેશ થાય છે.

ભાઈજીપુરામાંથી એક ૮૩ વર્ષીય વૃદ્ધ તેમજ કુડાસણમાંથી એક ૭૧ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાંથી એક ૩૩ વર્ષીય સ્ત્રી તેમજ ૫૧ વર્ષીય સ્ત્રીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

હોટસ્પોટ બનેલા પેથાપુરમાંથી એક ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાંથી અત્યાર સુધીમાં ૬૦ થી વધુ કેસ મળી આવ્યા છે.

ઉનાવામાંથી ૬૦ વર્ષીય

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વધુ નવ કેસ

**સે. ૬ માં બે કેસ, સે. ૭, સે. ૧૩, સે. ૨૪, સે. ૨૬, સે. ૨૭, સે. ૨૫, સે. ૨૨ માંથી કેસો મળ્યો : શહેરમાં ટેસ્ટની સંખ્યા વધારવામાં આવશે**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ નવ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૫૪૧ પર પહોંચી છે.

આજે જે કેસ નોંધાયા છે તેમાં સે. ૬ ના બે કેસ, સે. ૧૩, સે. ૨૭, સે. ૨૬, સે. ૨૨, સે. ૭ અને સે. ૨૫નો સમાવેશ થાય છે.

શહેરમાં કેસોની સંખ્યા વધ્યા પછી તંત્રએ હવે ટેસ્ટની સંખ્યા વધારીને સંક્રમિતોને શોધવાની આક્રમક વ્યુહરચના તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૭ માં રહેતા અને ગાંધીનગર મેડીકલ કોલેજમાં લેબ ટેકનીશ્યન તરીકે ફરજ બજાવતા એક ૨૨ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કોરોના વોરિયર્સ સંક્રમિત થવાના કિસ્સાઓ વધી રહ્યા હોવાથી તંત્રમાં ચિંતાની લાગણી પણ વધી છે.


સે. ૨૫ માં રહેતા ૬૫ વર્ષીય નિવૃત્ત શિક્ષકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ નિવૃત્ત શિક્ષકને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તંત્રએ આ નિવૃત્ત શિક્ષકના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના પત્રકારોની નજરે... રૂપાણી સરકારના ચાર વર્ષ

**મુખ્યમંત્રી વિજય રૂપાણીના મંત્રીમંડળે આજે ચાર વર્ષનો સમયગાળો હાલ કહેર મચાવતી મહામારી સહીત અનેકવિધ રાજકીય, સામાજિક અને આર્થિક પડકારો વચ્ચે ગતિ કરતા ગુજરાતમાં રૂપાણી સરકારની કામગીરીનુ અવલોકન નગરના પત્રકારોની દ્રષ્ટિએ....**

સરકાર આટલુ કરે પછી ગુજરાત સાચા અર્થમાં વાઈબ્રન્ટ ... વિજય રૂપાણીના શાસનને ચાર વર્ષ પુરા થયા છે ત્યારે તેમણે કરેલા ઉમદા કાર્યો ગુજરાતની જનતાને યાદ છે. પરંતુ હજુ ઘણુ ખુટે છે. પ્રત્યેકને મળીને શાંતિથી સાભળવાના ગુણના કારણે તેમને લોકચાહના મળી રહી છે



જે કર્યુ છે તે ઉજાગર છે પરંતુ જે કરવાનુ બાકી છે તેમાં મુંબઈ જેવી લેન ટ્રાફિક વ્યવસ્થા , રાજયમાં ટ્રાફિક નિયમન, મધ્યમવર્ગને ખુશ કરી શકાય તેવી આર્થિક યોજનાઓ, યુવાઓને રોજગાર મળે અથવા તો તેઓ સ્વતંત્ર બિઝનેસ કરી શકે તેવુ વાતાવરણ, ખેડુતોને પોષણક્ષમ ભાવ માટે ખેડુતમંડી ગરીબોને બે ટંકનુ સસ્તુ ભોજન મળે તેવી પ્રત્યેક જગ્યાએ ભોજન વ્યવસ્થા અને સૌને પીવાનુ ચોખ્ખુ પાણી... આટલુ થશે તો ગુજરાત સાચા અર્થમાં વાઈબ્રન્ટ બનશે. કોરોનાના સંક્રમણના સમયમાં બધુ ઓનલાઈન થઈ રહ્યુ છે. ત્યારે સચિવાલય અને જિલ્લા કલેકટર કચેરીમાં મુલાકાતીઓની સંખ્યા નિયંત્રણમાં રહે તે માટે સોશિયલ મીડિયા થકી પ્રશ્નોનુ નિરાકરણ તે માટે મુખ્યમંત્રીએ તેમના કેબિનેટ મંત્રીઓ અને સચિવાલયના વિભાગોના વડાઓને સુચના આપવી જોઈએ. કે જેથી ઓનલાઈન અરજીઓનો ઓનલાઈન સંતોષકારક જવાબ મળી રહે વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ જેમ એગ્રીકલ્ચરમાં પણ ઉદ્યોગોનુ રોકાણ થાય તે જરૂરી છે તેથી એગ્રી સમિટ પણ દર બે વર્ષે થવી જોઈએ. એક અગત્યની બાબત ભ્રષ્ટાચાર અંગેની છે રૂપાણી સરકારે એવો કાયદો બનાવવો જોઈએ કે જેમાં ભ્રષ્ટ ઓફિસર કે કર્મચારી પકડાય તો તેને નોકરીમાંથી કાઢી મુકવો જોઈએ તેને સરકારના પેન્શન સહીત કોઈ લાભ આપવા ન જોઈએ. જો તેમ થશે તો ઓફિસરો કરપ્શન કરતા બંધ થશે. આ સાથે વિજયભાઈને ખુશીના અવસર પર ખુબ ખુબ શુભેચ્છા...

**ગૌતમ પુરોહિત - વરિષ્ઠ પત્રકાર**


મુખ્યમંત્રી વિજય રૂપાણી અમિત શાહના પ્રિય પાત્ર હોવાની સાથે મહેનતુ પણ ખુબ છે. છતા રૂપાણી મંત્રી મંડળના શાસનની જોઈએ તેવી અસરકારકતા ઉભી થઈ શકી નથી. સરખામણીમાં આનંદીબેન પટેલની વહીવટીય પકડ સરાહનીય હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વ પ્રત્યે ૮૦ ટકાથી વધુ લોકોને સંતોષ હોવાનુ સરકાર ભલે માનતી હોય પણ પ્રજામાં અજંપો હજુ છવાયેલો



છે. સાર્વજનિક સ્વાસ્થ સહાય , કાયદો અને વ્યવસ્થા વહીવટી તંત્ર સાથે પ્રજાનો અનુભવ પ્રવાસી શ્રમિક અને અન્ન નાગરિક પુરવઠા જેવી વ્યવસ્થા સરાહનીય હોવાનુ કહેવાય છે. સંતોષકારક તો નહીં જ કહી શકાય શિક્ષણ વિભાગની કામગીરીથી પ્રજા પરેશાન છે. એકંદરે જોઈએ તો નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ તેમજ ગૃહરાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા સિવાય અન્ય કોઈ મંત્રીઓની કામગીરી પ્રજામાનસ પર કોઈ વિશિષ્ટ છાપ ઉપસાવી શકી નથી.

**દિનેશ અનાજવાળા - વરિષ્ઠ પત્રકાર**

અત્યંત સાલસ અને મિલનસાર સ્વભાવ તેમજ તેમની મૃદુતાએ તેમને વિવાદથી પર જરૂર રાખ્યા છે. જો કે કયારેય અધિકારી રાજ તરફ ગુજરાત ગતિ કરતુ હોય તેવુ પણ ભાસે કારણકે વહીવટીય અનુભવ થોડોક ઓછો પડતો હોય તેનો અનુભવ થાય આર્થિક મોરચે નીતિનભાઈના સહયોગથી તેઓ ઘણુ બધુ જાળવી શક્યા છે. એમાં બેમત નથી. આરોગ્ય સેવાઓના સઘનીકરણની વાતો આરંભે ગુજરાતી શુરા જેવી હાલત થઈ હોય તેવુ લાગે છે. નીતિનભાઈ , પ્રદિપસિંહ જાડેજા તેમજ કૌશિકભાઈના અનુભવે તેમને ઘણી બધી સરાહનીય કામગીરીનો અહેસાસ કરાવ્યો છે. સૌને સાંભળે છે પણ પ્રજા અને તંત્ર વચ્ચે ખુટતી કડી સંવાદ બનીને રહે તે યોગ્ય નથી સાચા અર્થમાં વિકાસ માટે કંઈક કરી છુટવાની તેમની ભાવનાને સો સો સલામ પણ તંત્ર અને તેમની સરકાર માટે હવે અગ્નિપરીક્ષાનો સમય છે. સંવાદથી સમસ્યાના ઉકેલ તરફ જવાની તેમની ધીરજની પણ કસોટી હવે છે.



**પ્રકાશ જહા - વરિષ્ઠ પત્રકાર**

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ છેલ્લા ચાર વર્ષમાં તેમના શાસનમાં ૫૦૦ કરતા વધુ લોકાભિમુખ પ્રજાલક્ષી નિર્ણયો લીધા છે. રૂપાણીના નેતૃત્વમાં સમાજના તમામ વર્ગોના હિતને ધ્યાનમાં રાખીને વિવિધ યોજનાઓ પણ અમલમાં આવી છે. હાલમાં કોરોનાકાળમાં પણ તેમણે ૧૪ હજાર કરોડનુ આત્મનિર્ભર ગુજરાત રાહત પેકેજ જાહેર કર્યુ છે. જેમાં મહેનત મજુરી કરતા હોય તેમના માટે ૧ લાખની સહાય પણ જાહેર કરવામાં આવી છે. જયારે સહાયના ચેકનુ વિતરણ પણ થઈ ચુક્યુ છે. જયારે કોરોના વોરિયર્સ પણ જો ફરજ પર મૃત્યુ પામે તો તેમને પણ સહાય આપવાની જાહેરાત કરી છે એવા અડધો ડઝન વધુ સરકારી કર્મચારીઓના સગાઓને સહાયના ચેક પણ



આપવામાં આવ્યા છે. મુખ્યમંત્રી તરીકે સૌની રજુઆત સાંભળીને ત્વરિત એકશન પણ લે છે. અલબત્ત તેમનો સ્વભાવ સૌને સાથે રાખીને ચાલવાનો છે. તંત્ર પર નજર રાખવા માટે એક અદ્રશ્ય આંખ એટલે કે સી સી ટી વી કેમેરા.. મુખ્યમંત્રીના સત્તાવાર નિવાસસ્થાને સી એમ ડેશ બોર્ડ જેવી ટેકનોલોજીના માધ્યમથી સચિવાલય કે જિલ્લા કલેકટર ઓફિસમાં કેટલા ઝડપથી રજુઆતોનો નિકાલ થઈ રહ્યો છે. તેનુ સતત મોનિટરીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. ભ્રષ્ટાચારી અધિકારીઓ સામે પણ તેમના નેતૃત્વમાં અસરકારક પગલા લેવામાં આવ્યા છે. માત્ર કાગળ પર તળાવ ખોદીને કરોડોની

**વાઇબ્રન્ટ ઇન્વેસ્ટર્સ સમિટ જેમ એગ્રીકલ્ચરમાં પણ ઉદ્યોગોનુ રોકાણ થાય તે જરૂરી છે તેથી એગ્રી સમિટ પણ દર બે વર્ષે થવી જોઇએ**

ખાયકી કરનારા જમીન વિકાસ નિગમના ભ્રષ્ટ અધિકારીઓ હાલ જેલ હવાલે છે. તેમની બેનામી સંપત્તિ પણ એસીબી એ શોધીને ટાંચમાં લઈ લીધી છે. પોલીસ કે સરકારની અન્ય ભરતીમાં વચોટિયાની ભુમિકા સાવ ઓછી કરી નાંખી છે. જેના લીધે હું તમારી ભરતી કરાવી દઈશ તેવુ ઉમેદવારોને કહીને લાખો પડાવી લેતા કેટલાક તત્વોની દુકાન પણ બંધ થઈ ગઈ છે. વિપક્ષની સાચી

**સૌને સાંભળે છે પણ પ્રજા અને તંત્ર વચ્ચે ખુટતી કડી સંવાદ બનીને રહે તે યોગ્ય નથી સાચા અર્થમાં વિકાસ માટે કંઇક કરી છુટવાની તેમની ભાવનાને સો સો સલામ પણ તંત્ર અને તેમની સરકાર માટે હવે અગ્નિપરીક્ષાનો સમય છે**

રજુઆતોનો પણ સ્વીકાર કરીને રૂપાણીએ કોરોનાકાળમાં તેનો અમલ પણ કર્યો છે. સુરતના તક્ષશીલા કાંડમાં સુરત પહોંચીને વાલીઓને જવાબદાર સામે પગલા લેવાની ખાત્રી આપી હતી જયારે જવાબદારો આજે પણ જેલના સળિયા પાછળ છે. સરકાર અને સંગઠન વચ્ચે સંકલન સતત રહે તે બાબતે પણ વિજય રૂપાણી સતત કાળજી લઈને પાર્ટીની તમામ બેઠકોમાં હાજરી આપીને સરકાર કઈ દિશામાં પગલા ભરી રહી છે તેનાથી પાર્ટીની સિનિયર લિડરશીપને વાકેફ પણ રાખે છે. જેનાથી સૌ કોઈની વચ્ચે વિશ્વાસ જળવાઈ રહે છે.

**મનીષ વ્યાસ - વરિષ્ઠ પત્રકાર ગુજરાત મિત્ર**

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે પ્રજાલક્ષી રચનાત્મક અને આર્થિક, સામાજિક વિકાસ માટે કરેલી કામગીરી માટે અભિનંદન પાઠવુ છુ. વિજય રૂપાણી સરળ અને મિલનસાર હોવાની સાથે સામાન્ય નાગરિકોને સરળતાથી મળીને તેમની વાત સાંભળીને તેમની સમસ્યા ઉકેલવા હંમેશા તત્પર હોય છે. અજાતશત્રુ એવા વિજયભાઈ રૂપાણી સાથે રાજકોટમાં



એક જ કોલેજમાં અભ્યાસ કરતા અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં પણ સાથે કામ કર્યુ છે. ત્યારે વિજય રૂપાણીનો વ્યવહાર મુખ્યમંત્રી તરીકેનો નહીં પરંતુ મિત્ર તરીકેનો હોય છે તે પ્રસંશનીય બાબત છે.

**કીશોર અંજારીયા - વરિષ્ઠ પત્રકાર**

નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ ગુજરાતમાં સૌથી મોટુ સામાજિક આંદોલન પાટીદાર અનામત આંદોલન ચાલ્યુ હતુ ત્યારે ભાજપ હાઈકમાન્ડે જ્ઞાતિવાદી સમીકરણોના બદલે સ્વચ્છ છબી ધરાવતા વિજય રૂપાણીને મુખ્યમંત્રી તરીકે પસંદ કર્યા હતા. સંગઠનના બહોળા અનુભવને કારણે રૂપાણીએ સરકારનુ નેતૃત્વ કુશળતાથી સંભાળ્યુ છે. કેટલાક બનાવોને બાદ કરતા વિજય રૂપાણી નિર્ણાયક અને સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકેની છાપ ઉભી કરી શક્યા છે. શિક્ષિત યુવાનો દ્વારા ભરતી અને વહીવટી પ્રક્રીયાઓ સામે વારંવાર આંદોલનો કરવા પડે છે. તે સરકારની નબળી બાજુ ગણી શકાય



**મૌલિક મહેતા - સિનિયર પત્રકાર**

પત્રકારત્વમાં આવ્યો ત્યારથી ગુજરાતમાં ભાજપ સરકારનુ રાજ જોયુ છે. આનંદીબેનની વિદાય બાદ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજય રૂપાણીની દિલ્હીથી પસંદગી કરવામાં આવી હતી આ આશ્ચર્યજનક પસંદગી બાદ રૂપાણી સરકારે ગુજરાતમાં સંવેદનશીલ રાજય વ્યવસ્થા ઉભી કરી અને વિજય રૂપાણીની સંવેદનશીલ સરકાર છેવાડાના માનવી સુધી પોતાની લાગણી અને વિવિધ સરકારી યોજનાઓ પહોંચાડવાના પ્રયત્નો કર્યા છે. જે આવકારદાયક છે. પરંતુ ચાર વર્ષના શાસનમાં હજુ પણ લોકોના મગજમાં વિજય રૂપાણીની સરકાર દિલ્હીના રીમોટ કંટ્રોલ પર ચાલતી હોવાની છાપ છે તે સુધારવાની અનિવાર્યતા છે.



**તુષાર બારોટ - સિનિયર પત્રકાર**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com